REGI[illegible]

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXIX ; WEDNESDAY, 9th DECEMBER, 1998/AGRAHYANA-18, 1920 [No. 26

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના સુરત નં.૩૪(મગોબ-ડુંભાલ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

### અધિસૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે . આ યોજનાની મુસદ્દો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : નગર રચના યોજના,સુરત નં.૩(કરંજ)ની હદ

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં.૩૩(ડુંભાલ)ની હદ

પુર્વે : મોજે ડુંભાલનો બાકી વિસ્તાર તથા સુરત મહાનગરપાલિકાની હદ

પશ્ચિમે : નગર રચના યોજના સુરત નં.૮(ઉમરવાડા)ની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(એસ.જગદીશન)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા. ૯-૧૨-૯૮

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના સુરત નં.૩૨(અડાજણ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : નગર રચના યોજના નં.૧૩(અડાજણ)

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૧(અડાજણ)

પુર્વે : નગર રચના યોજના નં.૧૩(અડાજણ)

પશ્ચિમે : પાલ ગામની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા. ૯-૧૨-૯૮

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.